# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-08-2024** **MIDDAY :1.20 to 1.30 am**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

- ✓ **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે, ભારત ક્ષમતા નિર્માણ, સ્થાયી ટેક્નોલોજી અને ઔદ્યોગિક ભાગીદારી માટે સંરક્ષણ ક્ષેત્રે અમેરિકા સાથે મળીને કામ કરવા આતુર છે.**
- ✓ **નેપાળના તનાહુન જિલ્લામાં થયેલા માર્ગ અકસ્માતમાં મૃત્યુઆંક વધીને 41 થયો.**
- ✓ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે.**
- ✓ **ભારતે તેનાં સૌ પ્રથમ રિયુઝેબલ હાઇબ્રિડ રોકેટ રૂમી-વન ને ચેન્નાઇથી મોબાઇલ લોંચર દ્વારા સફળતાપૂર્વક લોંચ કર્યું**
- ✓ **કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ કેન્દ્રીય સરકારી હોસ્પિટલો અને તબીબી સંસ્થાઓને દિક્ષાંત સમારોહ માટે નવો ડ્રેસ કોડ તૈયાર કરવા જણાવ્યું.**
- ✓ **ભારતીય બેટ્સમેન શિખર ધવને આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RAJNATH - US DEFENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે, ભારત ક્ષમતા નિર્માણ ,સ્થાયી ટેક્નોલોજી અને ઔદ્યોગિક ભાગીદારી માટે સંરક્ષણ ક્ષેત્રે અમેરિકા સાથે મળીને કામ કરવા આતુર છે. શ્રી સિંહે ગઈકાલે વોશિંગ્ટન ડીસીમાં યુએસ ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમ દ્વારા આયોજિત રાઉન્ડ ટેબલમાં અમેરિકા સંરક્ષણ ઉદ્યોગના વરિષ્ઠ નેતાઓ સાથે વાર્તાલાપ કરતી વખતે આ મુજબ જણાવ્યું હતું .

શ્રી સિંઘે એ ભારપૂર્વક કહ્યું કે ભારત અમેરિકા રોકાણ અને ટેક્નોલોજી સહયોગને આવકારે છે અને કુશળ માનવ સંસાધન, મજબૂત એફડીઆઈ , ઉદ્યોગ અનુકૂળ ઇકોસિસ્ટમ અને મોટા સ્થાનિક બજાર સાથે તૈયાર છે. રાઉન્ડ ટેબલમાં મોટી સંખ્યામાં અમેરિકા ડિફેન્સ અને ટેક્નોલોજી કંપનીઓએ ભાગ લીધો હતો. સરક્ષણ મંત્રીએ વોશિંગ્ટન ડીસીમાં અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાન સાથે પણ મુલાકાત કરી હતી. તેઓએ વિકસતી ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ અને કેટલાક મુખ્ય પ્રાદેશિક સુરક્ષા મુદ્દાઓ પર ચર્ચા કરી.

બંને દેશોના સંરક્ષણમંત્રીઓએ ભારત અને અમેરિકા વચ્ચે સુરક્ષા પુરવઠા વ્યવસ્થા કરાર પર ખુશી વ્યક્ત કરી હતી બંને નેતાઓએ ઈન્ડો-પેસિફિક રિજન અવેરનેસ પ્રોગ્રામ, ક્વાડ પહેલ અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં સહયોગ વધારવાના ભારતના પ્રયાસોમાં થયેલી પ્રગતિની પ્રશંસા કરી હતી.

# KHADSE - NEPAL ROAD ACCIDENT

નેપાળના તનાહુન જિલ્લામાં થયેલા માર્ગ અકસ્માતમાં મૃત્યુઆંક વધીને 41 થયો છે. યુવા બાબતો અને રમત-ગમતના રાજ્ય મંત્રી રક્ષા ખડસે નેપાળના તનાહુન જિલ્લામાં માર્ગ અકસ્માતમાં બચી ગયેલા લોકોને પરત લાવવાની વ્યવસ્થા કરવા કાઠમંડુ પહોંચ્યા છે.

સુશ્રી ખડસેએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, તેમણે ભારતીય રાજદૂત નવીન શ્રીવાસ્તવ અને નેપાળના વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ બ્રિગુ ધુંગાના સાથે બચાવ કામગીરી અને આગળની કાર્યવાહી અંગે ચર્ચા કરી હતી.

મહારાષ્ટ્ર સરકારના અનુરોધ પર ભારતીય વાયુસેનાનું વિમાન બસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મહારાષ્ટ્રના શ્રદ્ધાળુઓના મૃતદેહ પરત લાવશે. યુવા બાબતો અને રમતગમતના વિભાગે પણ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોની મુલાકાત લીધી હતી. 16 મુસાફરોને વધુ સારવાર માટે એરલિફ્ટ કરી કાઠમંડુ લવાયા છે કાઠમંડુમાં ભારતીય દૂતાવાસ ઇજાગ્રસ્તોની સારવાર માટે અને મૃતદેહોને વહેલામાં વહેલી તકે ભારત પરત લાવવા માટે સ્થાનિક અધિકારીઓ અને હોસ્પિટલ સ્ટાફ સાથે સતત સંપર્કમાં છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કરતાં મૃતકોના પરિજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઘાયલો જલ્દી સાજા થાય તેવી કામના કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, ભારતીય દૂતાવાસ અસરગ્રસ્તોને શક્ય તમામ સહાય પૂરી પાડી રહી છે.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ 113મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી, દુરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર પણ સાંભળી શકશો.

આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમ બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

# Hybrid Rocket Rumi -1

ભારતે આજે સવારે તેનાં સૌ પ્રથમ રિયુઝેબલ હાઇબ્રિડ રોકેટ રૂમી-વન ને ચેન્નાઇના ઇસ્ટ કોસ્ટ રોડ કિનારેથી મોબાઇલ લોંચર દ્વારા સફળતાપૂર્વક લોંચ કર્યું છે. આ રોકેટને તામિલનાડુના સ્ટાર્ટઅપ સ્પેસ ઝોનના પ્રસિધ્ધ માર્ટિન ગ્રૂપનાં સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે.

દેશનું આ પ્રથમ રિયુઝેબલ એન્ટ્રી વ્હિકલ છે. રૂમી-વન 13 નાના ઉપગ્રહ અને 50 સુક્ષ્મ ઉપગ્રહ લઇને અંતરિક્ષમાં ગયું છે. આ ઉપગ્રહ વધી રહેલા વૈશ્વિક તાપમાન અને જળવાયુ પરિવર્તન પર સંશોધન માટેનો ડેટા એકત્ર કરશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

# SC INDIA - TELECOM

સંદેશા વ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ટેલિકોમ સેવા પ્રદાતાઓને નાગરિકોને સારી ગુણવત્તાની ટેલિકોમ સેવાઓ મળે તે સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવા જણાવ્યું છે.

શ્રી સિંધિયાએ ગઈકાલે નવી દિલ્હીમાં ટેલિકોમ સેવા પ્રદાતાઓ પર તાજેતરમાં રચાયેલી સ્ટેકહોલ્ડર્સ સલાહકાર સમિતિ સાથે બીજી બેઠક યોજી હતી.

શ્રી સિંધિયાએ સેક્ટરને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સેવાઓની ગુણવત્તા અને સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવાના ભારતના 6G વિઝન વિશે ચર્ચા કરી. મીટિંગ દરમિયાન, ટેલિકોમ સેવા પ્રદાતાઓએ દેશમાં 100 ટકા બ્રોડબેન્ડ કવરેજના માર્ગ તરફ રોકાણોને પ્રોત્સાહિત કરવા માટે સહાયક નીતિ માળખાની માંગ કરી હતી.

# HEALTH MIN - DRESS CODE

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે તમામ કેન્દ્રીય સરકારી હોસ્પિટલો અને તબીબી સંસ્થાઓને દિક્ષાંત સમારોહ માટે નવો ડ્રેસ કોડ તૈયાર કરવા જણાવ્યું છે.

મંત્રાલયે આ સંદભે  કેન્દ્ર સરકારની તમામ હોસ્પિટલો અને તબીબી શૈક્ષણિક સંસ્થાઓના વડાઓને પત્ર લખ્યો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પરિવર્તન ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને સ્વીકારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. મંત્રાલયે કહ્યું કે વિવિધ સંસ્થાઓ દીક્ષાંત સમારોહ દરમિયાન કાળા ઝભ્ભો અને ટોપીઓનો ઉપયોગ કરવાની પરંપરા યુરોપમાં મધ્ય યુગમાં શરૂ થઈ હતી મંત્રાલયે સંસ્થાઓને રાજ્યની સ્થાનિક પરંપરાઓના આધારે દીક્ષાંત સમારોહ માટે યોગ્ય ભારતીય ડ્રેસ કોડ તૈયાર કરવા નિર્દેશ આપ્યો છે.

# Jammu and Kashmir Elecation

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 18મી સપ્ટેમ્બરે 7 જિલ્લાની 24 વિધાનસભા બેઠકો પર મતદાન થશે. પ્રથમ તબક્કામાં કાશ્મીર વિભાગની 16 અને જમ્મુની 8 વિધાનસભા બેઠકો પર મતદાન થશે. પ્રથમ તબક્કામાં 5 લાખ 66 હજાર યુવાનો સહિત 23 લાખ 27 હજારથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે

જમ્મુ-કાશ્મીરના મુખ્ય ચૂંટણી અધિકારી પી.કે. પોલે મતદારોને ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ચૂંટણી પંચની વિવિધ ટેકનિકલ સુવિધાઓનો લાભ લેવા અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી પંચે સમગ્ર દેશમાં સરળ અને સુવિધાજનક મતદાન સુનિશ્ચિત કરવા માટે CVIGIL, તમારા ઉમેદવારને જાણો, સુવિધા, મતદાર હેલ્પલાઇન એપ જેવી અનેક મોબાઈલ એપ લોન્ચ કરી છે.

# CONGRESS- CEC

જમ્મુ-કાશ્મીરમાં આગામી વિધાનસભાની ચૂંટણી અંગે ચર્ચા કરવા માટે ગઇકાલે નવી દિલ્હીમાં કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા.

# REV. DHAWAN RETIREMENT

ભારતીય બેટ્સમેન શિખર ધવને આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.

38 વર્ષીય ધવને તેમના સોશિયલ મીડિયા પર નિવૃત્તિનો વીડિયો શેર કર્યો છે અને પરિવાર, કોચ અને ટીમના સભ્યોનો તેમના સમર્થન માટે આભાર માન્યો છે. શિખર ધવને ટીમ ઈન્ડિયા માટે 37 ટેસ્ટ, 167 ODI અને 68 T20માં ભાગ લીધો હતો. તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ 10 હજાર 867 રન બનાવ્યા છે જેમાં વનડેમાં 6793 રન સામેલ છે. ધવનના નામે વનડેમાં 17 સદી અને 39 અડધી સદી છે. તેમણે 15 મેચમાં ભારતની કેપ્ટનશિપ પણ કરી હતી. તેઓ છેલ્લી વખત ડિસેમ્બર 2022માં બાંગ્લાદેશ સામેની વનડે શ્રેણીમાં ભારત તરફથી રમ્યો હતો. 222-મેચની IPL કારકિર્દીમાં, ધવને 6,769 રન બનાવ્યા હતા.

# DURAND CUP

ડુરંડ કપ ફૂટબોલ-2024માં, બેંગલુરુ એફસીએ, કેરળ બ્લાસ્ટર્સને તેના ચોથા ક્વાર્ટર-ફાઇનલ મુકાબલામાં 1-0થી હરાવ્યું હતું.  અગાઉ, ભૂતપૂર્વ ચેમ્પિયન મોહન બાગાન સુપર જાયન્ટે ત્રીજી ક્વાર્ટર ફાઈનલ મેચમાં સડન ડેથ પેનલ્ટી દ્વારા પંજાબ એફસીને 6-5થી હરાવ્યું હતું.

બંને પક્ષો વચ્ચેનો મુકાબલો નિર્ધારિત સમયમાં 3-3થી સમાપ્ત થતાં મેચ પેનલ્ટી શૂટઆઉટમાં ગઈ હતી. હવે બીજી સેમિફાઇનલમાં મંગળવારે મોહન બાગાન સુપર જાયન્ટનો સામનો બેંગલુરુ સામે થશે. પ્રથમ સેમિફાઇનલ સોમવારે શિલોંગમાં નોર્થઇસ્ટ યુનાઇટેડ એફસી અને શિલોંગ લાજોંગ એફસી વચ્ચે રમાશે.